પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૫૧ | ૨ મે, ૨૦૧૯, ગુરુવાર; ચૈત્ર વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારતની જીત : મસૂદ અઝહર વૈશ્વિક આતંકી જાહેર

**ભારતે બ્રિટન, ફ્રાંસ સહિત અનેક દેશોની મદદથી દબાણ ઉભુ કર્યું હતું. : આખરે ચીન ઝૂંક્યુ : ભારતનું વૈશ્વિક દબાણ કામ કરી ગયુ**



સંયુક્ત રાષ્ટ્ર, તા. ૧

આતંકવાદના મોરચા પર ભારતને મોટી જીત હાંસલ થઈ છે. સંયુક્ત રાષ્ટ્રે આજે ચીન અને પાકિસ્તાનની તમામ દલીલોને ફગાવી દઈને પાકિસ્તાનથી સંચાલિત આતંકવાદી સંગઠન જૈશે મોહમ્મદના લીડર મસુદ અઝહરનો વૈશ્વિક આતંકવાદી જાહેર કરી દીધો હતો. આની સાથે જ મસુદ અઝહરના ખરાબ દિવસોની શરૂઆત થઈ ગઈ છે. ભારત અને ફ્રાંસ સહિતના દેશોએ સંયુક્ત રાષ્ટ્રના આ પગલાનું સ્વાગત કર્યું છે. આતંકવાદી મસૂદના મુદ્દે ચીન દ્વારા વારંવાર અડચણો ઉભી કરવામાં આવી રહી હતી પરંતુ ચીન ઉપર દિનપ્રતિદિન દબાણ વધ રહ્યું હતું. આ પહેલા ચીને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની પ્રતિબંધ સમિતિ હેઠળ મસૂદને બ્લેકલિસ્ટ કરવાના પ્રસ્તાવથી પોતાના પગલા પાછા ખેંચી લીધા હતા. હજુ સુધી મસુદ વારંવાર અડચણો ઉભી કરી રહ્યો હતો. સાથે સાથે આતંકવાદી હુમલાઓને અંજામ આપી રહ્યો હોવા છતાં ચીને તેનો સાથ આપ્યો હતો. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના રાજદૂત સઈદ અકબરુદ્દીને ટ્વિટ કરીને કહ્યું છે કે, આ નિર્ણયમાં તમામ નાના મોટા એક સાથે આવ્યા હતા. મસુદ અઝહરને સંયુક્ત રાષ્ટ્રની પ્રતિબંધિત યાદીમાં મુકવામાં આવ્યા બાદ મસૂદ ઉપર સકંજો વધુ મજબૂત થશે. મસુદના ત્રાસવાદી સંગઠને પુલવામામાં આતંકવાદી હુમલાની જવાબદારી સ્વીકારી હતી. આ હુમલામાં ૪૦ જવાનો શહીદ થયા હતા. ચીને પોતાનું વલણ બદલી કાઢ્યું છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા અકબરુદને ક્યું હતું કે, ચીને પોતાનું વલણ બદલી દીધું છે. પોતાના સદાબહાર મિત્ર પાકિસ્તાનને મદદ કરવાના ઈરાદા સાથે ચીન વારંવાર અડચણો ઉભી કરી રહ્યું હતું. પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને હાલમાં જ ચીની પ્રમુખ શી જિંગપિંગ સાથે વાતચીત કરી હતી. આવી સ્થિતિમાં ચીનનું આ વલણ પાકિસ્તાનને મોટો ફટકો આપ્યો છે. મસુદ અઝહરનો વૈશ્વિક આતંકવાદી જાહેર કરવાના છેલ્લા

● અનુસંધાન પાન-૭ પર

## શ્રીલંકાની જેમ જ ભારતમાં બુરખા પર પ્રતિબંધની માંગ

**શિવસેનાની માંગને પ્રજ્ઞા ઠાકુરે ટેકો આપ્યો : માંગને ભાજપ અને અન્ય પક્ષોએ ફગાવી દીધી : ભારતમાં આ પ્રકારના પ્રતિબંધની જરૂર નથી : ભાજપની પ્રતિક્રિયા**



નવી દિલ્હી, તા. ૧

શ્રીલંકામાં ભીષણ આતંકવાદી હુમલા બાદ ભારતમાં પણ સાવચેતી રાખવા માટેની માંગ સતત ઉઠી રહી છે. હવે શિવસેનાએ શ્રીલંકાની જેમ જ ભારતમાં બુરખા ઉપર પ્રતિબંધ મુકવાની માંગણી કરી છે. ભોપાલમાંથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર સાધ્વી પ્રજ્ઞાએ પણ શિવસેના દ્વારા કરવામાં આવેલી માંગને સમર્થન આપ્યું છે. ચૂંટણી માહોલમાં આ મુદ્દો દિનપ્રતિદિન ગરમ બની રહ્યો છે. શિવસેનાએ માંગ કરી છે કે, સરકારે જાહેર સ્થળો ઉપર ચહેરાને ઢાંકનાર દરેક પ્રકારના વસ્ત્રો ઉપર પ્રતિબંધ મુકી દેવો જોઈએ. શિવસેનાએ પોતાના મુખપત્ર સામનામાં આ મુજબની વાત કરી છે. મોદી સમક્ષ ભારતમાં બુરખા ઉપર પ્રતિબંધ મુકવાની માંગ કરવામાં આવી છે. જો કે, ભાજપે આ પ્રકારની માંગણીને ફગાવી દીધી છે. ભાજપના પ્રવક્તા નરસિંહાએ કહ્યું છે કે, આ પ્રકારના પ્રતિબંધન કોઈપણ પ્રકારની જરૂર દેખાતી નથી. રાવે કહ્યું છે કે, મોદી સરકારના નેતૃત્વમાં અમે ત્રાસવાદીને રોકવામાં સફળ રહ્યા છીએ. કોઈપણ પ્રકારના પ્રતિબંધ મુકવાની કોઈ જરૂર દેખાતી નથી.

# ગઢચિરોલીમાં નક્સલીઓનો છુપો હુમલો

**મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં નક્સલવાદીઓ દ્વારા ફરી આઈઈડી બ્લાસ્ટ : ૧૬ જવાનો શહીદ : મહારાષ્ટ્ર દિવસના પ્રસંગે નક્સલવાદીઓએ આતંક મચાવ્યો : હુમલા માટે જવાબદાર તમામ નક્સલીઓને છોડવામાં આવશે નહીં : મોદી**

ગઢચિરોલી, તા. ૧

મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં નક્સલવાદીઓએ આજે છુપો હુમલો કર્યો હતો જેમાં ૧૬ સુરક્ષા જવાન શહીદ થતાં ખળભળાટ મચી ગયો છે. નક્સલવાદીઓ દ્વારા કરવામાં આવેલા આઈઈડી બ્લાસ્ટમાં ક્વિક રિસ્પોન્સ ટીમને લઈ જતી એક ગાડી સકંજામાં આવી જતાં તેના ફુરચે ફુરચા ઉડી ગયા હતા. આ હુમલામાં ખાનગી ગાડીના ડ્રાઈવરનું પણ મોત થયું હતુ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ હુમલામાં શહીદ જવાનો પ્રત્યે આઘાતની લાગણી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે, હુમલા કાવતરા ઘડનાર લોકોને છોડવામાં આવશે નહીં. રાજ્યના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ ડીજીપી અને ગઢચિરોલીના એસપીના સંપર્કમાં છે. નક્સલવાદીઓ દ્વારા આજે મહારાષ્ટ્ર સ્થાપના દિવસના પ્રસંગે આ પ્રચંડ હુમલો કર્યો હતો. આ પહેલા કુરખેડા તહેસીલના દાદાપુરા ગામમાં નક્સલવાદીઓએ ૩૬થી વધુ

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

### સિદ્ધુને ફરી નોટીસ

ચૂંટણીપંચે નવજ્યોતસિંહ સિદ્ધુને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર વ્યક્તિગત ટિપ્પણી કરવા બદલ નોટિસ આપી છે. કોંગ્રેસી નેતા અને પંજાબ સરકારના મંત્રી સિદ્ધુએ ૧૭ એપ્રિલે અમદાવાદની રેલીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર વ્યક્તિગત ટિપ્પણી કરી હતી.

### ઓડિશામાં આચારસંહિતા હટાવાઈ

ચૂંટણીપંચે ઓડિશાના ૧૧ તટવર્તી જિલ્લાઓમાં આદર્શ આચારસંહિતા હટાવાઈ લેવાઈ છે. ચક્રવાત ફેની આ રાજ્યમાં ટકરાવવાની આશંકા છે. ચક્રવાતના કારણે આચારસંહિતા હટાવી તંત્રને રાહત-બચાવના પગલાં લેવા પૂરી છૂટ અપાઈ છે. અહીં તમામ શૈક્ષણિક સંસ્થાઓને બંધ કરવાનો આદેશ અપાયો છે.

### વેનેઝુએલામાં ફરી આંદોલન

વેનેઝુએલામાં છેલ્લા કેટલાક મહિનાથી ચાલી રહેલા રાજકીય અને આર્થિક સંકટના પગલે જનતાએ વધુ એકવાર વિદ્રોહ શરૂ કર્યો છે. જેમાં સૈનિકોનુ સમર્થન સામેલ છે. રાજધાનીની સડકો પર અંદાજિત ૧૦ હજાર લોકો ઉતરી આવ્યા છે.

### મોદી વિરૂદ્ધ ચૂંટણી લડનાર જવાનનુ આવેદનપત્ર રદ

વારાસણીમાં પીએમ મોદી વિરૂદ્ધ ચૂંટણી લડનાર બીએસેફના સસ્પેન્ડેડ જવાન તેજબહાદુર યાદવનુ આવેદનપત્ર રદ કરી દેવાયું છે. સપાએ તેઓને ટીકીટ આપી હતી. આ મામલે તેઓ સુપ્રિમકોર્ટ જઈ શકે છે.

# ત્રાસવાદીઓને હુમલા કરવા નબળી સરકારનો ઈંતજાર : મોદી

**અયોધ્યા અને કોસાંબીમાં મોદી દ્વારા વિરોધીઓ ઉપર પ્રહારો : અયોધ્યા પહોંચેલા મોદીએ મંચ ઉપરથી જય શ્રીરામના નારા લગાવ્યા પરંતુ રામ મંદિરના મુદ્દે વાત ન કરી : આતંકવાદની સામે વધુ કઠોર પગલા લેવાશે**

કોસાંગી-અયોધ્યા, તા. ૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઉત્તરપ્રદેશમાં ઝંઝાવતી ચૂંટણી પ્રચાર જારી રાખીને કોંગ્રેસ અને બસપ તથા સપા ઉપર તેજાબી પ્રહાર કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અયોધ્યામાં લાંબા ગાળા બાદ પહોંચ્યા હતા. પાંચ વર્ષના ગાળામાં દેશમાં કોઈપણ જગ્યાએ ત્રાસવાદીઓ હુમલા કરવામાં સફળ રહ્યા નથી તેવો દાવો કરતા મોદીએ કહ્યું હતું કે, ભારતે આતંકવાદીઓ સામે ખુબ કઠોર નીતિ અપનાવી છે. મોદીએ આજે અયોધ્યાની રેલીમાં રામ, રામાયણથી લઈને આતંકવાદનો ઉલ્લેખ કર્યો હતો. વિપક્ષ ઉપર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે, તેમની સરકાર દ્વારા ત્રાસવાદીઓ સામે અતિકઠોર પગલા લેવામાં



આવ્યા છે જેથી તેમની કમર તુટી ગઈ છે. શ્રીલંકામાં કરવામાં આવેલા આતંકવાદી હુમલાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, શ્રીલંકામાં હાલમાં જે કંઈ ઘટના બની છે તેવી સ્થિતિ ૨૦૧૪થી પહેલા ભારતમાં હતી. છેલ્લા પાંચ વર્ષમાં આ પ્રકારના હુમલાઓ થઈ રહ્યા નથી. ફૈઝાબાદમાં કઈરીતે બ્લાસ્ટ થયા હતા તેને કોઈ ભુલી શકે તેમ નથી. નવા હિન્દુસ્તાને આતંકવાદીઓને ઘરમાં ઘુસીને મારવા માટેની રણનીતિ અપનાવી છે. સપા અને બસપા ગઠબંધન ઉપર પ્રહાર કરતા તેમણે કહ્યું તું કે, મહામિલાવટી ફરી એકવાર મજબૂર સરકાર બનાવવાની રાહ જોઈ રહ્યા છે. બીજી બાજુ આતંકવાદીઓ પણ મજબૂર સરકારની જ રાહ જોઈ રહ્યા છે. મજબૂર સરકાર બનતાની સાથે જ આતંકવાદીઓ ફરીવાર હુમલાઓ કરી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર


# પ્રચંડ તોફાનમાં ફની ફેરવાયા બાદ ભારે વરસાદ-તોફાનનું સંકટ

**આંધ્ર, બંગાળ, ઓરિસ્સા અને તમિળનાડુમાં તંત્ર એલર્ટ કરાયું : ૨૦૫ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન સાથે વરસાદ થશે : અતિ ભારે નુકસાનની સંભાવના : સ્કુલ અને કોલેજમાં રજા જાહેર**

ભુવનેશ્વર,તા. ૧

ચક્રવાતી તોફાન ફની વધારે વિનાશક સ્વરૂપ ધારણ કરીને ત્રાટકે તેવી શક્યતા છે. જેથી સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. એમ માનવામાં આવે છે કે આની અસર હેઠળ આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ અને ઓરિસ્સામાં ગુરૂવારના દિવસે ભારે વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગે કહ્યુ છે કે ભારે નુકસાન આના કારણે થઈ શકે છે. ભારે વરસાદના કારણે નુકસાન ન થાય તે માટે સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. આઈએમડી દ્વારા ચેતવણીમાં કહેવામાં આવ્યુ છે કે ચક્રવાતના કારણે દરિયાકાઠંના વિસ્તારોમાં ભારે નુકસાન થઈ શકે છે. નુકસાનને ટાળવા માટે તંત્ર સાબદુ થઈ ગયુ છે. ઘરની સાથ સાથે અન્ય મુળભુત નુકસાન

થવાની શક્યતા પણ છે. ઘર, સંચારના સાધન, વીજળી નેટવર્કને પણ નુકસાન થઈ શકે છે. માર્ગોને પણ ભારે નુકસાન થઈ શકે છે. બીજી બાજુ મોટા જહાજોને પણ નુકસાન થઈ શકે છે.




આઈએમડી દ્વારા માછીમારોને દરિયામાં ન જવાની સુચના આપી છે. નવા આદેશ જારી કરવામાં ન આવે ત્યાં સુધી દરિયામાં ન જવા માટે સુચનાને પાળવામાં આવે તે જરૂરી છે. બીજી બાજુ ઉભા થયેલા ખતરાને ધ્યાનમાં લઈને બેઠકોનો દોર ચાલી રહ્યો છે.પ્રભાવિત થઈ શકે તેવા રાજ્યોમાં ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. એનડીઆરએફની કુલ ૪૧ ટીમો ગોઠવી દેવામાં આવી છે. જેમાં આંધ્રપ્રદેશમાં આઠ, ઓરિસ્સામાં ૨૮ અને બંગાળમાં પાંચ ટીમો તૈનાત કરવામાં આવી ચુકી છે. આ ઉપરાંત એનડીઆરએફની ટીમો બંગાળમાં પણ ગોઠવી દેવામાં આવી છે.

# માયાવતી અને અખિલેશના કન્ટ્રોલર મોદીના હાથમાં છે : રાહુલ ગાંધી

**બારાબંકી અને બદાયુમાં રાહુલે પ્રચાર કર્યો : સપા અને બસપા ઉપર આક્ષેપો કર્યા : ગઠબંધનના લોકો મોદીથી ભયભીત હોવાનો રાહુલ ગાંધીએ કરેલો આક્ષેપ**

બારાબંકી, તા. ૧

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ આજે બારાબંકીમાં સભા



યોજી હતી. સમાજવાદી પાર્ટી અને બસપા પર રાહુલ ગાંધીએ આકરા પ્રહાર કર્યા તા. રાહુલ ગાંધીએ કહયું હતું કે, માયાવતી અને અખિલેશ યાદવના કન્ટ્રોલર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હાથમાં છે. રાહુલે કહ્યું હતું કે, નરેન્દ્ર મોદી તેમના પર કોઈપણ રીતે દબાણ લાવી શકે તેમ નથી. સપા અને બસપા પર દબાણ લાવી શકે છે. જો કે, ચૂંટણી પ્રચાર દરમિયાન રાહુલે સપા અને બસપાને ઓછીરીતે ટાર્ગેટ ઉપર લીધા હતા. આ પહેલા બદાયુમાં એક

● અનુસંધાન પાન-૭ પર







